## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




ડીયર... આમ પણ મને તારા પર વિશ્વાસ તો હતો જ કે... તું મને છોડીને દૂર નહી જાય.. હવે તો પેટ્રોલના ભાવ વધ્યા પછી તો મને જરાય ચિંતા નથી... થેન્ક યુ પી.એમ.

# સે-૨૪માં માર્કીંગના અંતે આજે દબાણો પર બુલડોઝર ફરશે

ગાંધીનગર તા ૨૬

શહેરમાં હાથ ધરાયેલી દબાણ ઝુંબેશ દરમિયાન સે-૨૪ ના શ્રીનગર વિસ્તારમાં દબાણોને માર્કીંગ કરવામાં આવ્યુ છે. જયારે આ મામલે તંત્ર દ્વારા ગુરુવાર સુધીની મુદત્ત આપવામાં આવી હતી જેને અનુલક્ષીને આજે તંત્ર દ્વારા સે-૨૪ ના શ્રીનગર વિસ્તારમાં દબાણો દુર કરવા માટે ઝુંબેશ હાથ ધરાશે.

શહેરમાં હાથ ધરાયેલી દબાણ ઝુંબેશ દરમિયાન સે-૨૪ માં દબાણોનો સફાયો કરવામાં આવી રહ્યો છે. સેકટરમાં સ્થિત હાઉસીંગના મકાનોમાં કોર્મશિયલ દુકાનો પણ તોડવામાં આવી રહી છે. જયારે રહેણાંક વિસ્તારમાં અન્ય બાંધકામ કરીને પણ સ્થાનિકો દ્વારા દબાણ ઉભુ કરી દેવાયુ હોવાનુ ધ્યાને આવતા તંત્ર દ્વારા કડક હાથે કામગીરી કરવામાં આવી રહી છે. આવા સંજોગોમાં દરરોજ સવારે દબાણ તંત્રની હીલચાલ પર વેપારીઓની નજર મંડરાયેલી રહે છે. સે-૨૪ માં અગાઉ પાકા દબાણો પર બુલડોઝર ફેરવી દીધા બાદ હજુ દબાણોની ભરમાર યથાવત હોવાથી તંત્ર દ્વારા દબાણોનુ માર્કીંગ કરવામાં આવી રહ્યુ છે.જયારે ગઈકાલે અને આજે પણ તંત્ર દ્વારા દબાણોનુ માર્કીંગ કરવામાં આવ્યુ હતુ. સેકટરના સે-૨૪ શ્રીનગર વિસ્તારમાં પણ દબાણો દુર કરવા માટે તંત્રની ટીમ ત્રાટકશે . શહેરમાં એકબાજુ રહેણાંક વિસ્તારમાં કોર્મશિયલ પ્રવૃતિ બંધ કરાવવા માટે તંત્ર દ્વારા વેપારીઓને દુકાનો ખાલી કરી દેવાનો આદેશ કરવામાં આવ્યો છે. જયારે વેપારીઓ પણ આ અન્વયે દુકાનોના શટર ઉતારી માલસામાન ખાલી કરી રહ્યા છે. ત્યારે દબાણોના મામલે સે-૨૪ માં માર્કીંગની સાથે ગુરુવાર સુધીની મુદત તંત્ર દ્વારા આપવામાં આવી હતી જેને અનુલક્ષી આજે સેકટરમાં દબાણો દુર કરવા માટે ગતિવિધિ હાથ ધરાશે.

શહેરમાં દબાણો દુર થઈ રહ્યા છે. ત્યારે અસરગ્રસ્ત વેપારીઓ દબાણો દુર કરવાની તંત્રની કામગીરીને બિરદાવી હેતુફેરના મુદ્દે ઈમ્પેકટ ફી નો અમલ થાય તેવી માંગણી કરી રહ્યા છે. જો કે દબાણો દુર કરવાનુ અભિયાન તંત્ર માટે પણ મુશ્કેલ થઈ રહ્યુ છે. અપુરતા મેન પાવર અને મશીનરી સાથે દબાણની કામગીરીમાં ગતિ લાવવાનુ કામ કપરુ બન્યુ છે. ત્યારે દબાણાને માર્કીંગ અને સુચના બાદ નિયત સમયના અંતે તબક્કાવાર દબાણો દુર કરવાનુ કામ હાથ ધરવામા આવી રહ્યુ છે.



પૂજ્ય સ્વ. જયરામબાપાની પુણ્યતિથિ નિમિત્તે શહેરના પ્રવેશદ્વાર સમાન ચ-૦ પાસે આવેલા એન.આઈ.સી.એમ.-એસ. જે.પી.આઈ. કોલેજ સંકુલ ખાતે આવેલ બાપાની પુજ્ય પ્રતિમાને તેમના પરિવારના સભ્યો અને કોલેજ સ્ટાફ દ્વારા ફૂલહાર પહેરાવી સ્મરણાંજલી અર્પી હતી. આ પ્રસંગે પ્રો. ડૉ. હરિશચંદ્રસિંહ રાઠોડ દ્વારા બાપાની જીવનશૈલી અને કાર્યક્રમની ખુબજ મહત્વપૂર્ણ અને સચોટ માહિતી સૌને પુરી પાડી હતી.

## દુકાનોને સીલ મારવાની પ્રકીયાને તુલસી એપાર્ટમેન્ટના કબજેદારોએ કાર્ટમાં પડકારી

### દુકાનોને સીલ મારવાના મામલે કોર્પોરેશન અને શહેરી વિકાસ વિભાગના સચિવને કોર્ટે કારણદર્શક નોટીસ આપી

ગાંધીનગર, તા.૨૬

તુલસી એપાર્ટમેન્ટના દુકાનદારોએ મ્યુનિ કોર્પોરેશનની દુકાનોને સીલ કરવાની જાહેર નોટીસને કોર્ટમાં પડકારી છે. સે-૨૮ ના પ્લોટ નં-૨૬૯ઃ ૨ માં આવેલી ૬ દુકાનોના કબજેદાર બિપિનચંદ્ર કાલીદાસ પટેલ તેમજ અન્ય વેપારીઓએ કોપરિશનની નોટીસને દાવા સ્વરૂપે ગાંધીનગરની કોર્ટમાં પડકારતા છઠ્ઠા સિનિયર સિવિલ જજે કોર્પોરેશન તેમજ શહેરી વિકાસ વિભાગને કારણદર્શક નોટીસ આપી છે. તેમજ અરજદારોને માંગ્યા મુજબની દાદ શા માટે નહી આપવી તેવો આદેશ કર્યો છે.

આ કેસમાં જયંત પ્રેમશંકર ભટ્ટ તેમજ જીત પ્રેમશંકર ભટ્ટ દ્વારા એવી દલીલ કરવામાં આવી હતી કે અરજદારોની ગુડા અધિનિયમ ૨૦૧૧ની કલમ ૧૨ હેઠળની અપીલ નિર્ણય માટે પડતર છે. જયારે આ કાયદાની જોગવાઈ મુજબ રહેણાંક સિવાય બિનરહેણાંક સ્વરૂપનો ઉપયોગ નિયમિત કરી શકાય છે. તેવા સંજોગોમાં આખરી નિર્ણય ન આવે ત્યાં સુધી આ પ્રકારની જાહેર નોટીસ ગેરકાયદેસર અને ગેરબંધારણીય છે. વધુમાં એ પ્રકારનુ ડેકલેરેશન માંગવામાં આવ્યુ છે કે ગુજરાત ટાઉન પ્લાનીંગ એકટ ૧૯૭૬ની જોગવાઈ મુજબ આ પ્રકારના બાંધકામનો ઉપયોગ શરૂ થયાના ત્રણ વર્ષમાં કાર્પારિશન દ્વારા પગલા લઈ શકાય જયારે પ્રસ્તુત કિસ્સામાં વર્ષ ૯૩-૯૪ થી બિન રહેણાંકનો ઉપયોગ થઈ રહ્યો છે. ત્યારે કોર્પોરેશનની રચનાના ૮ વર્ષ બાદ આ નોટીસ આપવાનુ કૃત્ય ગેરકાયદેસર છે. જયારે આ મામલે ગાંધીનગરની છઠ્ઠા સિનિયર સિવિલ જજ કુ એચ ડી પંડિતે આગામી તા ૨૯ સપ્ટેમ્બરના રોજ વધુ સુનાવણી હાથ ધરવાનો આદેશ કર્યો છે.

## પી.એચ.ડી. થયા




ગાંધીનગરની આઈઆઈટી ખાતે પીએચડીનો અભ્યાસ કરતી વિદ્યાર્થીની નેહા માનવને રસાયણશાસ્ત્રમાં તેમના સંશોધન પત્રને શાસ્ત્રી રિસર્ચ સ્ટુડન્ટ ફેમોશીપ વર્ષ ૨૦૧૮-૧૯ માટે પસંદ કરવામાં આવ્યું છે. નેહા માનવે તેમની આ રિસર્ચ ફેલોશીપ કેનોડાની યુનિવર્સિટી ઓફ ટોરોન્ટો ખાતે પુરી પાડવામાં આવશે.




નેશનલ હેલ્થ મિશનના કરાર આધારીત કર્મચારી મંડળના સભ્યો આજે સરિતાઉદ્યાન ખાતે આવી પહોંચ્યા હતા. જ્યા કર્મચારીઓની બેઠક યોજાઈ હતી. પગાર વધારા અંગે હજુ સુધી કોઈ નિર્ણય ન આવતા કર્મચારીઓમાં રોષ ભભૂકી ઉઠયો છે.

## ચિલોડા ખાતે પાણી સપ્તાહ અંતર્ગત ગ્રામસભા યોજાઈ



ચિલોડા, તા. ૨૬

ગાંધીનગર તાલુકાના ચિલોડા-રાજીવભવન ખાતે પાણી સપ્તાહ ઉજવણી અંતર્ગત એક ખાસ ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં ગામના અગ્રણી ડે. સરપંચ જયંતિભાઈ પટેલ, ગ્રામ પંચાયતના સભ્યો, પાણી સમિતિના સભ્યો સહિત શિક્ષણવિદ નટુભાઈ પટેલ, જશુભાઈ રાવલ, મુકેશ પટેલ, મંડળીના ચેરમેન મહેશભાઈ પટેલ, જયંતિભાઈસોલંકી, શંકરભાઈ પટેલ, સંજય મારવાડી, શાંમળભાઈ પટેલ, બિરેન પટેલ, કરણજી ઠાકોર, તલાટી ક્રમ મંત્રી રાજુભાઈ ચૌધરી વગેરે હાજર રહ્યા હતા. આ બેઠકમાં ખાસ શુધ્ધ પાણીની વ્યવસ્થા વસ્તીના ધોરણે ટ્યુબવેલની સુવિધા, વોટરવર્કસ, પાણીની શુદ્ધતા, ગુણવત્તા, પાણીનો વપરાશ, પાણીનો દુર્વ્યય અટકાવવા યોગ્ય પગલાં, પાણીની પ્રાપ્તિના સ્ત્રોતો, પાણીનો બચાવના મહત્વના મુદ્દા પર ગહન ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

## ધણપની સરસ્વતી ફાર્મસી કોલેજ ખાતે ફાર્માસિસ્ટ ડે ઉજવાયો

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર તાલુકાના ધણપ ખાતેની સરસ્વતી ઈન્સ્ટિટ્યુટ ઓફ ફાર્માસ્ટુકિલ સાયન્સ ખાતે તા. ૨૫મી સપ્ટેમ્બરે ફાર્માસિસ્ટ ડે ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં યોજેલ પોસ્ટર સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા, સ્ટેજ પ્લે વગેરે જેવી સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

'ફાર્માસિસ્ટની ભૂમિકા : આરોગ્ય જાગરૂકતા' થીમ આધારિત યોજાયેલ ઉજવણીમાં પોસ્ટર પ્રસ્તુતિ માટે 'ઈલેક્ટ્રોનિક્સ ગેજેટ્સ વિ. આરોગ્ય' વિષય નિયત કરાયો હતો. જ્યારે વક્તૃત્વ સ્પર્ધામાં 'ભારતીય ફાર્માસિસ્ટ : સુધારાનો અવકાશ' અને 'ફાર્માસિસ્ટની ભૂમિકા : વિકસિત વિ. વિકાસશીલ દેશો' જેવા બે વિષય નિયત કરાયાં હતા. સ્ટેજ પ્લે 'ફાર્માસિસ્ટ' વિષયે યોજાયા હતા. તમામ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ઉમળકાભેર ભાગ લઈ વિષયનાનુસાર પ્રદર્શન કર્યુ હતુ જેમાંથી ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરનાર પ્રથમ ત્રણ વિજેતા વિદ્યાર્થીઓને ઈનામોથી સન્માનવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ફેકલ્ટીઝ વતી સોહનસિંહ વાઘેલા અને ડૉ. જિનલ ચૌધરી જ્યારે વિદ્યાર્થીઓ વતી રશ્મિ શુકલા અને ઉર્મી શાહે કર્યુ હતુ.



## વાળંદ નાયી સમાજ દ્વારા જીવનસાથી મેળો યોજાશે

ગાંધીનગર, તા. ૨૬

વાળંદનાયી સમાજ જીવનસાથી પસંદગી મેળો અમદાવાદમાં યોજાશે. આ સમારંભ મેઘદૂત મેરેજ બ્યુરો જામનગર અને ઋષિવંશી સમાજ સેવા સંઘ દ્વારા આયોજીત કરેલ છે. આ સમારંભ ૩૦મી સપ્ટેમ્બર રવિવારના રોજ ભાઈકાકાભવન લો કોલેજ રોડ અમદાવાદ ખાતે બપોરે ૨ કલાકે યોજવામાં આવશે.

આ સમારંભમાં જે ઉમેદવારે ભાગ લેવા હોય તેમને બપોરે ૨ કલાકે ૨ પાસપોર્ટ ફોટા આઈ.ડી. પ્રુફની ઝેરોક્ષ સાથે ઉપસ્થિત રહેવું. વધુ માહિતી માટે મો. ૯૪૨૬૪૮૯૫૬૧ ઉપર સંપર્ક કરવો.


સત્યમેવ જયતે
કલાઇમેટ ચેન્જ વિભાગ
ગુજરાત સરકાર

"ઘર ઘર માટે સૌર ઉર્જા"
સોલર રૂફટોપ સિસ્ટમ અપનાવીએ
વીજ બિલ ઘટાડીએ...



શ્રી નરેન્દ્રભાઇ મોદી
માન. પ્રધાનમંત્રી, ભારત

શ્રી વિજયભાઇ રૂપાણી
માન. મુખ્યમંત્રી, ગુજરાત



સોલર રૂફટોપ યોજના હેઠળ, ૧ કિલોવોટ કે તેથી વધુ કોઇપણ ક્ષમતાની સોલર રૂફટોપ સિસ્ટમ પોતાના રહેણાંક ઉપર ગોઠવી શકાશે.
રાજ્ય સરકાર તથા ભારત સરકાર દ્વારા સોલર રૂફટોપ યોજના હેઠળ મળવાપાત્ર સહાય નીચે મુજબ છે.

| સોલર રૂફટોપ સિસ્ટમની ક્ષમતા (કિલોવોટ) | ૧ કિલોવોટ | ૨ કિલોવોટ | ૩ કિલોવોટ | ૪ કિલોવોટ | ૫ કિલોવોટ | ૬ કિલોવોટ | ૭ કિલોવોટ | ૮ કિલોવોટ | ૯ કિલોવોટ | ૧૦ કિલોવોટ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| નિયત કુલ કિંમત રૂા. | રૂા.૪૮,૩૦૦/- | રૂા.૯૬,૬૦૦/- | રૂા.૧,૪૪,૯૦૦/- | રૂા.૧,૯૩,૨૦૦/- | રૂા.૨,૪૧,૫૦૦/- | રૂા.૨,૮૯,૮૦૦/- | રૂા.૩,૩૬,૦૦૦/- | રૂા.૩,૮૪,૦૦૦/- | રૂા.૪,૩૨,૦૦૦/- | રૂા.૪,૮૦,૦૦૦/- |
| રાજ્ય સરકારની સહાય રૂા. | રૂા.૧૦,૦૦૦/- | રૂા.૨૦,૦૦૦/- | રૂા.૨૦,૦૦૦/- | રૂા.૨૦,૦૦૦/- | રૂા.૨૦,૦૦૦/- | રૂા.૨૦,૦૦૦/- | રૂા.૨૦,૦૦૦/- | રૂા.૨૦,૦૦૦/- | રૂા.૨૦,૦૦૦/- | રૂા.૨૦,૦૦૦/- |
| ભારત સરકારની ૩૦% લેખે સહાય રૂા. | રૂા.૧૪,૪૯૦/- | રૂા.૨૮,૯૮૦/- | રૂા.૪૩,૪૭૦/- | રૂા.૫૭,૯૬૦/- | રૂા.૭૨,૪૫૦/- | રૂા.૮૬,૯૪૦/- | રૂા.૧,૦૦,૮૦૦/- | રૂા.૧,૧૫,૨૦૦/- | રૂા.૧,૨૯,૬૦૦/- | રૂા.૧,૪૪,૦૦૦/- |
| લાભાર્થીએ ચુકવવાની રકમ રૂા. | રૂા.૨૩,૮૧૦/- | રૂા.૪૭,૬૨૦/- | રૂા.૮૧,૪૩૦/- | રૂા.૧,૧૫,૨૪૦/- | રૂા.૧,૪૯,૦૫૦/- | રૂા.૧,૮૨,૮૬૦/- | રૂા.૨,૧૫,૨૦૦/- | રૂા.૨,૪૮,૮૦૦/- | રૂા.૨,૮૨,૪૦૦/- | રૂા.૩,૧૬,૦૦૦/- |

● ઉપરોક્ત પ્રતિ કિલોવોટ નિયત કિંમતમાં સોલર રૂફટોપ સિસ્ટમ અને તેનું ઈન્સ્ટોલેશન, કમીશનીંગ, ટ્રાન્સપોર્ટેશન ચાર્જ, પાંચ વર્ષ સી.એમ.સી (કોમ્પ્રેહેન્સીવ મેઇનટેનન્સ ચાર્જ) DISCOM કનેક્ટિવીટી ચાર્જ, બાયડાયરેક્શનલ મીટર, મીટર ટેસ્ટીંગ, એસ.એમ.સી. બોક્સ તેમજ માઉન્ટીંગ સ્ટ્રક્ચર સહિતનાં તમામ ખર્ચનો સમાવેશ થયેલ છે. ● નિયમ કરેલ કિંમતમાંથી રાજ્ય અને કેન્દ્ર સરકારની ઉપર દર્શાવેલ સહાય બાદ કરતા બાકીની રકમ લાભાર્થીએ ચુકવવાની રહેશે. ● DISCOMનું વીજળી કનેક્શન સિંગલ ફેઝમાંથી થ્રી ફેઝ કરવાનું થાય તથા DISCOM નાં વિતરણ નેટવર્કમાં સુધારો કરવાનો થાય, તો તે અંગેનો ખર્ચ લાભાર્થીએ અલગથી ચુકવવાનો રહેશે, જેનો સમાવેશ ઉપર દર્શાવેલ નિયત કૂલ કિંમતમાં થતો નથી. ● પસંદ કરેલ જેડા માન્ય વિક્રેતા પાસે અરજીની નોંધણી કરતી વખતે લાભાર્થીએ છેલ્લા વીજબીલની નકલ, લાભાર્થીનો ફોટો, રહેઠાણનાં પુરાવાની નકલ, આધાર નંબર અને લાભાર્થીનો મોબાઈલ નંબર આપવો આવશ્યક રહેશે. કરેલ અરજીની અદ્યતન સ્થિતી અંગે અરજદારનાં મોબાઈલ નંબર પર એસ.એમ.એસ. દ્વારા જાણ થતી રહેશે. ● વધુ માહિતી તથા જેડા માન્ય વિક્રેતાઓની ફોન નંબર સાથેની યાદી વેબસાઈટ www.geda.gujarat.gov.in પરથી મળશે.

GEDA
ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી
GUJARAT ENERGY DEVELOPMENT AGENCY
www.geda.gujarat.gov.in

સંપર્ક : ફોન : ૦૭૯- ૨૩૨૫૭૨૫૧-૫૩
ઇ મેઇલ : solar.geda@geda.org.in

ચાલો, સોલર રૂફટોપ યોજનાનો લાભ લઇ, પર્યાવરણનું જતન કરીએ
શ્રી નીતિનભાઇ પટેલ
માન. નાયબ મુખ્યમંત્રી, ગુજરાત